જિલ્લાના સમાચારો

વિધાનસભા ચૂંટણીના ખર્ચ ઉપર દેખરેખ સંદર્ભે બેઠક

વલસાડ | ભારતના ચૂંટણીપંચે ગુજરાત વિધાનસભા સામાન્ય ચૂંટણી-૨૦૧૭ જાહેર કરતા આદર્શ આચારસંહિતા અમલમાં આવી છે. જિલ્લામાં ન્યાયી, નિષ્પક્ષ અને મુક્ત વાતાવરણમાં યોજાય તે માટે જિલ્લા ચૂંટણીતંત્ર દ્વારા વિવિધ ટીમોની રચના કરી કાર્યરત કરી દેવામાં આવી છે. વલસાડ વિધાનસભાની પાંચેય બેઠક વિસ્તારમાં ચૂંટણી ખર્ચ ઉપર દેખરેખ અને નિયંત્રણ રાખી શકાય તે માટે જિલ્લા ચૂંટણી ખર્ચ દેખરેખ અધિકારી અને જિલ્લા વિકાસ અધિકારી ગૌરાંગ મકવાણાની અધ્યક્ષતામાં ખર્ચ નિરીક્ષકો સાથે જિલ્લા પંચાયતના સભાખંડમાં બેઠક યોજાઈ હતી.

જિલ્લામાં લાઉડ સ્પીકરના ઉપયોગ અંગે સૂચનાઓ જારી

વલસાડ | ગુજરાત વિધાનસભાની સામાન્ય ચૂંટણી-2017ને અનુલક્ષીને ચૂંટણી તથા જિલ્લાની કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિને ધ્યાનમાં લેતાં જાહેર સલામતી જાળવવાના હેતુસર જિલ્લા મેજિસ્ટ્રેટ સી.આર.ખરસાણે તાત્કાલિક અસરથી 20મી ડિસેમ્બર, 2017 સુધી વલસાડ જિલ્લામાં જાહેર શાંતિ, સલામતી જાળવવા જાહેરમાં ધરણાં, ઘેરાવો કે ઉપવાસ ઉપર જવા ઉપર મનાઇ ફરમાવી છે. આ હુકમનો ભંગ કે ઉલ્લંઘન કરનાર સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે, એમ પણ જણાવાયું છે.

જિલ્લામાં ચૂંટણી પ્રક્રિયા દરમિયાન ધરણાં ઉપર પ્રતિબંધ

વલસાડ | વલસાડ જિલ્લામાં ચૂંટણી પ્રક્રિયા દરમિયાન લાઉડ સ્પીકરના ઉપયોગ અંગે અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ આઇ.જે.માલી દ્વારા કેટલીક માર્ગદર્શક સૂચનાઓ એક જાહેરનામા દ્વારા જારી કરાઇ છે. ચૂંટણી પંચના આદેશ અનુસાર વલસાડ જિલ્લાના સમગ્ર વિસ્તારમાં ચૂંટણી પ્રચારના કોઈપણ હેતુ માટે લાઉડ સ્પીકરના ઉપયોગની જરૂરી પરવાનગી મેળવી સવારના 6 વાગ્યાથી રાતના 10 વાગ્યા સુધી જ તેનો ઉપયોગ કરી શકાશે. સવારના 6 વાગ્યા પહેલા અને રાતના 10 વાગ્યા બાદ ઉપયોગ કરવા પર પ્રતિબંધ ફરમાવાયો છે.

વલસાડ જિલ્લામાં સભા સરઘસબંધી ફરમાવાઈ

વલસાડ | જિલ્લામાં આગામી સમયમાં આવતા વિવિધ તહેવારોને ધ્યાને લેતાં જાહેર શાંતિ અને સલામતી જળવાઈ રહે તે જરૂરી છે. જેને અનુલક્ષીને અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ આઇ.જે.માલીએ વલસાડ જિલ્લાના સમગ્ર વિસ્તારમાં તાત્કાલિક અસરથી 9મી નવેમ્બર,2017 સુધી ગેરકાયદે ચાર કરતાં વધુ માણસોની કોઇ સભા કરવા કે બોલાવવા કે સરઘસ કાઢવા પર પ્રતિબંધ ફરમાવ્યો છે. આ હુકમ લગ્નના વરઘોડા, સ્મશાન યાત્રા, એસટી. બસમાં, રેલવેમાં મુસાફરી કરવા માગતા, મંદિર મસ્જિદ કે દેવળમાં પ્રાર્થના માટે જતી અગર સક્ષમ અધિકારીની લેખિત પરવાનગી મેળવનાર બોનાફાઇડ વ્યકિત તેમજ સરકાર દ્વારા આયોજિત કાર્યક્રમો તથા અભિયાનને લાગુ પડશે નહીં. આ આદેશોનો ભંગ કરનાર સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરાશે.

વલસાડ જિલ્લામાં હથિયારબંધી

વલસાડ | જિલ્લામાં આગામી સમયમાં આવતા વિવિધ તહેવારોને ધ્યાને લેતાં જાહેર શાંતિ અને સલામતી જળવાઈ રહે તે જરૂરી છે. જેને અનુલક્ષીને અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ આઇ.જે.માલીએ વલસાડ જિલ્લાના સમગ્ર વિસ્તારમાં તાત્કાલિક અસરથી 9 નવેમ્બર, 2017 સુધી હથિયારબંધીના હુકમ જારી કર્યો છે. જે અનુસાર શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, સોટા, બંદૂક, ચપ્પુ, છરા, લાકડી કે શારીરિક હિંસા પહોંચાડતી બીજી ચીજો લઇ જવા, સ્ફોટક પદાર્થ લઇ જવા અને અપમાન કરવાના ઈરાદાથી બિભત્સ સૂત્રો પોકારવાની પર પ્રતિબંધ ફરમાવાયો છે.

નવસારીના કચરાના ધુમાડાથી જલાલપોરમાં ગૂંગળામણ

બંદરરોડ પરના કચરાના ધુમાડાના ગોટેગોટા રાત્રે જલાલપોરમાં પ્રસર્યા

ભાસ્કર ન્યૂઝ | નવસારી

નવસારી શહેરનો ઘનકચરો જ્યાં ઠલવાય છે એ બંદરરોડ ઉપર કચરો બાળવાને કારણે તેનો પ્રદુષિત ધુમાડાનો ભોગ નજીકના જલાલપોર વિસ્તારના લોકો બની રહ્યા છે.

નવસારી શહેરનો મોટાભાગનો ઘનકચરો શહેરના પશ્ચિમ વિભાગમાં આવેલા બંદર રોડ ઉપર ઠાલવવામાં આવે છે. બંદરરોડ ઉપર ઘનકચરો ઠાલવવાના મુદ્દે પાંચેક વર્ષ અગાઉ બંદરરોડ-રાયચંદ રોડના લોકોએ આંદોલન પણ કર્યું હતું. જોકે પાલિકાના આશ્વાસનને કારણે આંદોલન થમી ગયું હતું.

નવસારી પાલિકા શહેરનો જે ઘનકચરો બંદરરોડ ઉપર ઠાલવે છે, એ કચરો સળગતો પણ જોવા મળે છે. દિવસે ઉપરાંત ખાસ કરીને રાત્રિના સમયે કચરો સળગાવવાને કારણે ધુમાડાના ગોટેગોટા નજીકના વિસ્તારમાં ફેલાય છે. કચરામાં મૃતપશુઓ સહિત અનેક કોહવાટ ધરાવતી વસ્તુઓ બળવાને કારણે પ્રદુષિત ધુમાડો નજીકના જલાલપોર તથા જલાલપોર રોડ વિસ્તારમાં આવેલી માનવ વસાહતમાં જાય છે. રાત્રિના સમયે સ્થિતિ વધુ વિકટ બને છે. બંદરરોડને લાગુ જલાલપોર રોડના કેટલાક વિસ્તારમાં તો લોકો રાત્રિએ બારણા પણ બંધ રાખે છે. અગાઉ આ સમસ્યા ચર્ચાસ્પદ બની હતી. હવે પુનઃ આ મામલો પ્રકાશમાં આવ્યો છે. જલાલપોરના સામાજિક કાર્યકર પરિમલ નાનુભાઈ પટેલે આજે સોમવારે આ કચરાના ધુમાડાને કારણે જલાલપોર વિસ્તારમાં પેદા થતી સમસ્યાની રજૂઆત નવસારી પાલિકામાં પણ કરી છે. પાલિકા ધુમાડો ન રોકે તો આંદોલન કરવાની ચીમકી પણ આપી છે. પરિમલ પટેલ આ મામલો કલેકટરાલય તથા ગુજરાત પ્રદુષણ કંટ્રોલ બોર્ડમાં પણ લઈ જઈ રહ્યા છે.

કસ્ટોડિયલ ડેથ અને શિશુઓના મોત અંગે કોંગ્રેસનો મોરચો

નવસારી કલેકટરને કોંગ્રેસ અગ્રણીઓએ રજૂઆત કરી

ભાસ્કર ન્યૂઝ | નવસારી

નવસારી કલેકટરાલયમાં કોંગ્રેસનો મોરચો.

દાહોદ જિલ્લાના જેસાવાડા પોલીસ સ્ટેશનમાં થયેલા કસ્ટોડિયલ ડેથ તથા અમદાવાદ સિવિલમાં થયેલા નવજાત શિશુઓના મોત સંદર્ભે કોંગ્રેસે સોમવારે મોરચો કાઢી નવસારીમાં સરકારની નીતિરીતિ સામે વિરોધ નોંધાવ્યો હતો.

નવસારી જિલ્લા કોંગ્રેસ સમિતિના પ્રમુખ ધર્મેશ જે. પટેલની આગેવાનીમાં કોંગ્રેસના આગેવાનો, કાર્યકરોનો મોરચો આજે સોમવારે નવસારી કલેકટરાલય પહોંચ્યો હતો. કલેકટરાલયમાં કલેકટરને દાહોદના કસ્ટોડિયલ ડેથ તથા અમદાવાદમાં નવજાત શિશુઓના મોત સંદર્ભે રજૂઆત કરી હતી.

કોંગ્રેસ અગ્રણીઓએ જણાવ્યું કે દાહોદ જિલ્લાના જેસાવાડા પોલીસ સ્ટેશનના સ્ટાફ દ્વારા ચીલાકોટાન રહીશ કનેશભાઈનું મોત થયું છે. આ હત્યા થઈ છે અને જવાબદારો સામે હત્યાનો ગુનો દાખલ કરવો જોઈએ. રાજ્યમાં પોલીસની ભૂમિકા રક્ષકના બદલે ભાજપના ઈશારે દમન કરી ગંભીર ઘટના બની રહી છે. મોટા પ્રમાણમાં રાજ્યમાં કસ્ટોડિયલ ડેથની ઘટના બની રહી છે. કોંગ્રેસે આ ઉપરાંત અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં મોટા પ્રમાણમાં નવજાત શિશુઓના થઈ રહેલા મૃત્યુને પણ ગંભીર ગણાવી આ મુદ્દે તપાસ કરવાની માગ પણ કરી હતી. અહીં ઉલ્લેખનીય છે કે હાલ ચૂંટણી આચારસંહિતા અમલી બની ગઈ હોય કોંગ્રેસીઓએ મોટો સૂત્રોચ્ચાર કર્યો ન હતો.

બરોડા ધુલિયા એસટી બસ-કાર વચ્ચે અકસ્માત: 1નું મોત, 39ને ઈજા

અકસ્માતમાં સુરત, બરોડા અને અંકલેશ્વરના 16 મુસાફરો ઇજાગ્રસ્ત

ભાસ્કર ન્યૂઝ | નવાપુર

મહારાષ્ટ્રના સાક્રી તાલુકાના ઘોળડે ગામ નજીક સુરત ધુલિયા હાઈવે પર સોમવારે બપોરે ધુલિયા ડેપોની બરોડા જતી એસટી બસ અને કાર વચ્ચે અકસ્માત થયો હતો. જેમાં કાર ચાલકનું મોત થયુ હતું. જ્યારે કારમાં સવાર 3 સભ્યો તેમજ એસટી બસમાં સવાર 36 મુસાફરો મળી કુલ 39ને ઇજા થતાં સારવાર અર્થે હોસ્પિટલમાં ખસેડાયા હતાં. ઘટનાની જાણ થતાં મોટી સંખ્યામાં લોકો દોડી આવી ઈજાગ્રસ્તોને બહાર કાઢી સારવાર માટે ઈમરજન્સી અને ખાનગી વાહનોમાં લઇ જવાયા હતાં.

સોમવારે બપોરે બે કલાકે નવાપુર ખાતે રહેતા ભટૂ રતિલાલ અગ્રવાલ પોતાની વેગન આર કાર એમ એચ 20 બીએન 2998 લઈ પરિવાર સાથે ધુલિયા જઈ રહ્યા હતા. ધુલિયા જિલ્લા સાક્રી તાલુકાના ઘોળદે ગામ નજીક સામેથી પૂરપાટ આવતી ધુલિયા ડેપોની ધુલિયા-બરોડા સરકારી બસ એમ.એચ 20 બીએલ 2597 સાથે કાર ધડાકાભેર અથડાતાં કાર ત્રણ ચાર પલટી ખાઈને ખેતરમાં ઘુસી ગઈ હતી. લગભગ 10-20 ફૂટ જેટલી ઘસડાઈ હતી. જ્યારે બસ રસ્તાની બાજુમાં મોટો ખાડો હોવાથી પલટી મારી ગઈ હતી. જેના કારણે ઈજાગ્રસ્ત મુસાફરીની સંખ્યા વધી ગઈ. આ કારમાં ચાલક ઈમ્રાણ હમીદ કાકર (30)નું ઘટનાસ્થળે મોત થયુ હતું. કારમાં સવાર ત્રણને ગંભીર ઈજા થઈ હતી. આ બનાવની વાયુવેગે ધુલિયા સુરત હાઈવે ઉપર આવેલા ઘોળડેમાં વાત પ્રસરી જતાં ગામમાંથી મોટી સંખ્યા લોકો સ્થળ પર ધસી આવ્યા હતા. 108, કાર, રિક્ષા, મોટરસાયકલ ગમે તે સાધનથી ઈજાગ્રસ્ત મુસાફરીને સરકારી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતાં. એક કલાક સુધી હાઈવે પર ટ્રાફિક જામ થઈ ગયો હતો.

ખેતરમાં ઘુસી ગયેલી કારમાંથી મૃતદેહને બહાર કાઢવા લોકોએ ઘણી મહેનત કરી હતી. એક કલાક સુધીની જહેમત કરવી પડી હતી. ચાલકનો મૃતદેહને પોસ્ટ મોર્ટમ માટે સાક્રી સરકારી દવાખાનામાં લઈ જવાયા હતા.

કેવી રીતે અકસ્માત સર્જ્યો

ધુલિયા સુરત હાઈવે ઉપર રસ્તા નવનિર્માણ કામ ચાલી રહ્યું છે. એક તરફથી વાહન વ્યવહાર ચાલુ છે. બીજા તરફ બાંધકામ ચાલે છે.એક જ રસ્તો ચાલુ હોવાથી બસ અને કારની સામસામે ટક્કર થઈ હતી. કાર ખેતરમાં ત્રણ ચાર પલટી ગઈ હતી.

જોળવાનાં યુવકને કરંટ લાગતા મોત

બારડોલી | પલસાણાના જોળવા ગામે યુવાન આંગણામાં પાણી છાટતી વખતે વીજ થાંભલા પર પાણી છાંટી દેતા વીજ કરંટ લાગતા મોત થયુ હતું. જોળવા ગામે ભરવાડની ચાલમાં રહેતા બીરેન્દ્ર નથુની શર્મા(22) રવિવારે સાંજે ઘરના આંગણામાં પાણી છાંટતો હતો. આ સમયે અચાનક પાણી નજીકમાં વીજ થાંભલા પર પણ છાંટતા યુવાનને કરંટ લાગ્યો હતો. જેથી તાત્કાલિક સારવાર માટે હોસ્પિટલમાં ખસેડાયો હતો. જ્યાં ફરજ પરના તબીબે મૃત જાહેર કર્યો હતો. પલસાણા પોલીસે અમોતનો ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

ચૂંટણીને અનુલક્ષીને દમણ તરફથી આવતા વાહનોનું ચેકિંગ

વાપી નજીક દમણથી મોરાઈ તરફ આવતા વાહનોનું પોલીસ વિભાગ દ્વારા સઘન ચેકીંગ હાથ ધરવામાં આવી રહ્યું છે. એક તરફ ચૂંટણીના માહોલના કારણે સોમવારે વાહનોનું ચેકીંગ કરતાં જોવા મળ્યા હતાં.

નાનાપોંઢામાં કલેકટર દ્વારા ઓવરલોડેડ ટ્રકો ડિટેઈન કરાઈ

ઓવરલોડેડ ટ્રક સાથે કુલ રૂા. 28 લાખનો મુદ્દામાલ જપ્ત

ભાસ્કર ન્યૂઝ | વલસાડ

વલસાડ જિલ્લા કલેકટર સી.આર. ખરસાણની કપરાડા તાલુકાની મુલકાત દરમિયાન નાનાપોંઢા ખાતે બ્લેકટ્રેપ ખનીજ ભરેલ બે ટ્રકોની તપાસ કરતા નિયમ કરતાં વધુ ઓવરલોડેડ જણાતા વાહન નાનાપોંઢા પોલીસ સ્ટેશનમાં જમા કરાવ્યા હતા. જેને ખાણ ખનીજ વિભાગ દ્વારા કાયદેસરની કાર્યવાહી કરી જપ્ત કરવામાં આવ્યા છે. જેમાં ટ્રક નં DN-09-9333 વાહનમાં 10.435 મે.ટન ઓવરલોડેડ બ્લેકટ્રેપ ખનીજ સાથે આશરે રૂા.18 લાખ અને ટ્રક નં. GJ 15 XX 6204 વાહનમાં 6.61 મે.ટન ઓવરલોડેડ બ્લેક ટ્રેપ સાથેના રૂા.10 લાખ મળી કુલ 28 લાખનો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો છે.

ખાપરવાડાની યુવતીનો રેપ વીથ મર્ડર કેસ હજુ વણ ઉકેલ્યો

ભાસ્કર ન્યૂઝ | બીલીમોરા

બીલીમોરા નજીકના ખાપરવાડા ગામે રહેતી 20 વર્ષિય યુવતી પર ગત 31.10.2013 નાં રોજ આજથી ચાર વર્ષ પહેલા કોઇ અજાણ્યાએ જોરાવાસણ રેલવે સ્ટેશનની પાસે ચીકુવાડીમાં બળાત્કાર ગુજાર્યા બાદ તેની કરપીણ હત્યા કરી નાંખી હતી. જે પ્રકરણમાં સમગ્ર દક્ષિણ ગુજરાતમાં હાહાકાર મચી જવા પામ્યો હતો. પોલીસે આ કેસને ઉકેલવા તેમની તમામ તાકાત ઝોકી દીધી હતી. તેમ છતાં પોલીસને સફળતા મળી ન હતી. નામદાર ગુજરાત હાઈકોર્ટ દ્વારા પરીજનોની માંગણી ધ્યાને લઇ તેની તપાસ સીઆઈડી ક્રાઈમને સોંપી હતી. ત્યારે ઘણા લોકોના ડીએનએ ટેસ્ટ પણ કરવામાં આવ્યા હતા. સ્થળનું ઝીણવટભર્યુ નીરિક્ષણ સ્થળ પરથી મળેલ મુદ્દામાલ વિગેરેની તપાસ ઘણા લોકોના લોહીના નમુના પણ લેવાયા હતા. છતા 4 વર્ષ બાદ હજુ પણ કેસ વણ ઉકેલ્યો છે.

સોશિયલ મીડીયામાં જાતિ વિષયક કોમેન્ટ કરાતા SP ને રાવ

ભાસ્કર ન્યૂઝ | નવસારી

નવસારીમાં એક મહિલાએ સોશિયલ મીડીયા ઉપર જાતિ વિષયક કોમેન્ટ કરી તે પોસ્ટ કરતા તેમની સામે એટ્રોસીટીની ફરિયાદ નોંધવા કોટનમિલ ચાલના યુવાને જિલ્લા પોલીસવડાને લેખિત રજૂઆત કરતા ચકચાર મચી જવા પામી છે.

સામાન્ય લોકો સોશિયલ મીડીયાનો પોતાનો મત વ્યકત કરવા આ સોશિયલ મીડીયાનો જ ઉપયોગ કરી રહ્યા છે. પરંતુ ઘણી વખત ઉત્સાહના અતિરેકમાં સોશિયલ મીડીયામાં એવી કોમેન્ટ થઈ જાય છે જેનાથી ઘણી વખત મુશ્કેલી ઉભી થઇ જાય છે.

હાલમાંજ સોશિયલ મીડીયામાં ભાજપ પાર્ટીને લગતી પોસ્ટ ઉપર જાતિ વિષયક કૉમેન્ટ કરતા વિવાદ સર્જાયો છે. જાતિ વિષયક કૉમેન્ટ ને લઈ કોટનમિલચાલના પ્રવિણભાઇ ચૌહાણએ જિલ્લા પોલીસવડાને લેખિત રજૂઆત કરી ઘટતું કરી કાર્યવાહી કરવા અનુરોધ કર્યો છે.

ડાંગરના ખરીદ કેન્દ્રો શરૂ કરી બોનસ આપો

ક્વીન્ટલે 150 રૂપિયા સુધી બોનસ આપવું જરૂરી

ભાસ્કર ન્યુઝ | ઓલપાડ

દક્ષિણ અને મધ્ય ગુજરાતમાં ચાલુ વર્ષે ચોમાસાની સીઝનમાં થયેલા પાછોતરા વરસાદને લઈને ડાંગરના પાકને મોટા પાયે નુકશાન થવા સાથે ગત વર્ષની સળખામણીમાં ઉત્પાદમાં પણ નોંધપાત્ર ઘટાડો થયાનું નોંધાયું છે. ત્યારે બીજી બાજુ ડાંગરના ગત વર્ષની સળખામણીમાં ભાવ પણ ઓછા રહેવાની વાતે ખેડૂતો ચિંતિત બની તત્કાલિક અસરથી ટેકાના ભાવે ડાંગર ખરીદી કેન્દ્રો શરૂ કરવા સાથે કપાસની માફક સરકાર બોનસ ચૂકવે એવી ખેડૂતોએ માંગ કરી છે.

રાજ્યની સૌથી વધુ ડાંગરની ખેતી દક્ષિણ અને મધ્ય ગુજરાતમાં થાય છે. એક માત્ર દક્ષિણ ગુજરાતમાં વર્ષે અંદાજિત 60 લાખ ગુણીથી વધુ ડાંગરનું ઉત્પાદન થાય છે. ચાલુ વર્ષે ચોમાસાના અંતમાં થયેલા વરસાદને લઈને ડાંગરના પાકને મોટી નુકશાની થવા સાથે જ પાકનું 30 ટકા જેટલું ઉત્પાદન ઓછું થવા ગતવર્ષની સળખામણીમાં મણ દીઠ 30 થી 40 રૂપિયા જેટલો ભાવ નીચો આવવાની વાતે ખેડૂતોએ આર્થિક નુકશાની પણ સહન કરવી પડે તેમ છે. હજુ સુધી સરકાર દ્વારા રાજ્યમાં ડાંગર ખરીદી કેન્દ્રો શરૂ ન કરતા ખેડૂતો ખુલ્લા બજારમાં વેપારીઓને વેચાણ કરવાની ફરજ પડતા ખેડૂતોની મજબુરીનો ગેરલાભ ઉઠાવી વેપારીઓ ટેકાનાભાવ કરતા ઓછી રકમ ચૂકવી ડાંગરની ખરીદી કરી ખડૂતોનુ સોષણ કરી રહ્યા છે.

સહકારી મિલોના વહીવટ કર્તાઓની વેપારીઓ સાથેની સાઠગાંઠમાં ખેડૂતોનું શોશણ છે. નોંધનીય બાબત મુજબ સહકારી મંદરીઓમાં પાકની આવક સામે સરકાર દ્વારા હજી રાજ્યમાં ખરીદ કેન્દ્રો શરૂ ન કરતા મંડળીઓ પણ તકલીફમાં મુકાઈ છે. હાલના તબક્કે ઉત્તર ગુજરાતમાં કપાસ પકાવતા ખેડૂતોની પણ દક્ષિણ ગુજરાતના ખેડૂતો જેવી હાલત થતા સરકારે ટેકાના ભાવ સાથે 500 રૂપિયા જેટલું બોનસ જાહેર કર્યું છે ત્યારે કપાશની માફક ડાંગર પર પણ કવીન્ટલે 150 રૂપિયા સુધી બોનસ આપવા સાથે રાજ્યમાં ટેકાનાભાવે સાથે ખરીદ કેન્દ્રો શરૂકરવા ખેડૂતોએ અને ખેડૂત સમાજની સરકાર સામે માંગ કરી છે.

CHANGE OF NAME

I am Declaring that I have change My Old Name From: Mr. LALIT LAXMANDAS SONI To New Name LALEETBHAI LAXMANBHAI SONI and i will now be known by my New Name Only

Add:-96, VASTAV PARK NR. ROFEL COLLEGE VAPI

ભંડારી અવસાન

સ્વ.ભગવાનભાઈ લલ્લુભાઈ ભંડારી
સ્વ.તા.૨૮/૧૦/૧૭

દિલગીરી સાથે જણાવવાનું કે, અમારા પીતાશ્રી ભગવાનભાઈ લલ્લુભાઈ ભંડારી તા.૨૮-૧૦-૨૦૧૭ ને શનિવારના રોજ સ્વર્ગવાસ પામ્યા છે પ્રભુ તેમના પુણ્ય આત્માને પરમ શાંતિ આપે તેવી પ્રાર્થના.

બેસણું:- બુધવાર તા.૦૧/૧૧/૨૦૧૭ અને ગુરૂવાર તા.૦૨/૧૧/૨૦૧૭ રાખેલ છે

તુલસીપૂજન- મંગળવાર તા.૦૭/૧૧/૨૦૧૭ નાદિને બપોરે ૩.૦૦ કલાકે

[illegible]

લિ.
મહેન્દ્રભાઈ બી.ભંડારી (પુત્ર)
તુષારભાઈ બી.ભંડારી (પુત્ર)

નિવાસ સ્થાન:- જાનુભીવાડી [illegible]

જાહેર નોટીસ

આથી જાહેર જનતાને જણાવવાનું કે, વલસાડ ડીસ્ટ્રીક્ટની સબ ડીસ્ટ્રીક્ટ વાપી તાલુકાના મોજે ડુંગરા ગામે વાપી નગર પાલીકાની હદ વિસ્તારમાં આવેલ **"દમણ ગંગા ઇન્ડસ્ટ્રીઅલ પાર્ક"** નામે ઓળખાતા પ્રોજેક્ટમાં આવેલ **ઇન્ડસ્ટ્રીઅલ પ્લોટો પૈકી પ્લોટ નંબર ૨૫** જેનું ક્ષેત્રફળ [illegible] ચો.મી. થાય છે અને જે કોમ્પ્યુટર દફતરે **સર્વે નંબર ૩૯૭/૧/પૈકી ૧/પ્લોટ નંબર ૨૫** તરીકે નોંધાયેલ છે [illegible] **દિન-૧૦** [illegible] જેની જાહેર જનતાએ નોંધ લેવી.

:: ઓફિસ ::
૧૦૮, સુમેરૂ કોમ્પલેક્ષ,
વૈશાલી સીનેમા પાસે, હોટલ પેપીલોનની
પાછળ વાપી, તા. વાપી, જી. વલસાડ

લી.
સહી/-
હેમંત આર. પટેલ
મિલકત ખરીદનારના એડવોકેટ

ટોકિયો ફાઇનાન્સ લિમિટેડ
[illegible]
વેબસાઈટ: www.tokyofinance.in
[illegible]

નોટિસ

કંપનીના નિયમન ૪૭ સાથે નિયમન ૨૯ વંચાણે લઈને (જવાબદારી અને જાહેર કરવાની જરૂરિયાતની શરતો) નિયમો ૨૦૧૫થી નોટિસ આપી જાણ કરવામાં આવે છે કે ૩૦ સપ્ટેમ્બર ૨૦૧૭ના અંતે કંપનીના પુરા થતાં ત્રિમાસિક અને અર્ધવાર્ષિક અનઓડિટેડ નાણાંકીય પરિણામને માન્ય કરી બહાલી આપવા માટે કંપનીના બોર્ડ ઓફ ડાયરેક્ટરોની મીટીંગ ૧૪ નવેમ્બર, ૨૦૧૭ના યોજાશે.

વધુ વિગતો માટે રોકાણકારો કંપનીની વેબસાઈટ www.tokyofinance.in અને સ્ટોક એક્સચેન્જની વેબસાઈટ www.bseindia.com અને www.nseindia.com ની મુલાકાત લઈ શકે છે.

સ્થળ: મુંબઈ
તારીખ: ૩૦.૧૦.૨૦૧૭

બોર્ડના આદેશ અનુસાર
સહી/- હરેશ વી. શાહ
ડાયરેક્ટર
ડીઆઈએન: [illegible]

ટોકિયો પ્લાસ્ટ ઇન્ટરનેશનલ લિમિટેડ
[illegible]
વેબસાઈટ: www.tokyoplastint.in
[illegible]

નોટિસ

કંપનીના નિયમન ૪૭ સાથે નિયમન ૨૯ વંચાણે લઈને (જવાબદારી અને જાહેર કરવાની જરૂરિયાતની શરતો) નિયમો ૨૦૧૫થી નોટિસ આપી જાણ કરવામાં આવે છે કે ૩૦ સપ્ટેમ્બર ૨૦૧૭ના અંતે કંપનીના પુરા થતાં ત્રિમાસિક અને અર્ધવાર્ષિક અનઓડિટેડ નાણાંકીય પરિણામને માન્ય કરી બહાલી આપવા માટે કંપનીના બોર્ડ ઓફ ડાયરેક્ટરોની મીટીંગ ૧૪ નવેમ્બર, ૨૦૧૭ના યોજાશે.

વધુ વિગતો માટે રોકાણકારો કંપનીની વેબસાઈટ www.tokyoplast.in અને સ્ટોક એક્સચેન્જની વેબસાઈટ www.bseindia.com અને www.nseindia.com ની મુલાકાત લઈ શકે છે.

સ્થળ: મુંબઈ
તારીખ: ૩૦.૧૦.૨૦૧૭

બોર્ડના આદેશ અનુસાર
સહી/- હરેશ વી. શાહ
ડાયરેક્ટર
ડીઆઈએન: [illegible]

PUBLIC NOTICE

That my client negotiating with **M/S. SHIV INDUSRIES** a partnership firm through its partners **(1) MR. LAXMAN VALJI PATEL, (2) MR. DAMJI NANJIBHAI PATEL** for lawful transfer and assignment of lease hold rights, title, interest and benefits of an Industrial **Plot No. 274** admeasuring **1870.00 Sq.** Meters and construction made thereon situated in the Vapi Notified Industrial Aera Consisting of **Revenue Survey No. 270/P, 271/P** within the Village limits of Chanod, Tal. Vapi, Dist. Valsad.

Any persons having or claiming any Right & Title or interest against above mentioned property or part thereof by way of sale, gift, lease, lien, trust, possession, inheritance, easement, attachment, or otherwise whatsoever in nature are hereby requested to make the same known in writing to the undersigned within 7(seven) days from the date thereon as otherwise to the undersigned within **10 (Ten)** days from the date thereon as otherwise necessary assignment and conveyance deed shall be executed without reference to such claim and the same if any will be considered as waived.

Address :
Shop No. 15, Nagarsheth Chambers,
Nr. C. B. Desai Chamber, Gunjan,
Koparli Road G.I.D.C., Vapi, Tal. Vapi,
Dist. Valsad. Mob. 09825325445

Kalpesh K. Patel
(Advocate)

PUBLIC NOTICE

Notice is hereby given that **M/S. KRISHNA GLOBAL MARBLE AND STONE LLP, A Limited Liability Partnership Firm** intends to keep their immovable property being Non-Agricultural land for Bonafide Industrial Purpose, of land U/s. 65-B, of Bombay Land Revenue Code- 1879, bearing Revenue Survey No. 55/1/Paikee 4, admeasuring about- H. 2 – 05 Are – 88 Square Meters i.e. 20588.00 Square Meters, alongwith Factory Building Constructed thereon, and Survey No. 55/Paikee 1, admeasuring about- H. 0-35 Are- 73 Square Meters i.e. 3573.00 Square Meters, totally admeasuring about- H. 2-41 Are-61 Square Meters i.e. 24161.00 Square Meters, Situated within the Village limits of Vankas, Taluka- Umbergaon, District- Valsad, State Gujarat by way of mortgage as a security to my client **THE SARASWAT CO. OP. BANK LTD, LOWER PAREL BRANCH MUMBAI** and has informed to my client that following documents hereunder written in the **SCHEDULE** has been lost or misplaced by the party. If any person/s or any Bank or any financial institution having any charge, lien, right, title or interest over the above said property should inform the undersigned with the relevant documentary evidence in person within **5 (Five)** days from publication of this notice failing which the title of the above said property will be presumed to be clear and marketable and my client will get executed the mortgage in respect to the above said property in their favour.

SCHEDULE

1. Original Registered Sale Deed alongwith Registration Fee Receipt, vide Serial No. 6153/07, dated 10.08.2007 executed between M/S. THE ORIENTAL LINANCE LIMITED (Seller) & M/S. SURYA ENTERPRISES A PARTNERSHIP FIRM (Purchaser).
2. Original Registered Sale Deed alongwith Registration Fee Receipt, Vide Serial No. 1540/94, dated 18.08.1994 executed between MEHBOOBALI BABUBHAI SAMRANI & Others (Seller) & PARVEZBHAI SAPURJI DESAI (Purchaser).
3. Original Registered Sale Deed alongwith Registration Fee Receipt, Vide Serial No. 1539/94, dated 18.08.1994 executed between MEHBOOBALI BABUBHAI SAMRANI & Others (Seller) & MRS. REKHABEN PARVEZBHAI DESAI (Purchaser).
4. Original Registered Sale Deed alongwith Registration Fee Receipt, Vide Serial No. 2158/04, dated 02.06.2004 executed between PARVEZBHAI SAPURJI DESAI (Seller) & M/S. ORIENTAL LINENS LIMITED (Purchaser).
5. Original Registered Sale Deed alongwith Registration Fee Receipt, vide Serial No. 2157/04, dated 02.06.2004 executed between REKHABEN PARVEZBHAI DESAI (Seller) & M/S. ORIENTAL LINENS LIMITED (Purchaser).

OFFICE NO. 07, "GARNET",
SEVEN JEWELS,
NEAR BHAVSAR PETROL PUMP,
VAPI (E) 396191.
Phone No. (0260) 2429919/20,
E-mail ID: charugbhatt@gmail.com

CHARU G. BHATT
ADVOCATE